## APPENDIX B

ડિઅર પેરંટ (વાલીઓ)

### પેરંટ ગવર્નરની ચૂંટણીનું સ્થાન

< >

અમારી સ્કૂલમાં પેરંટ ગવર્નરના (રો) સ્થાન માટે ખાલી જગ્યા < > છે અને તેની ચૂંટણીમાં ઉભા રહેવા માટે અથવા બીજા વાલીને એ પ્રમાણે કરવા માટે તેમનું નામ સૂચવવાની વિનંતી કરવા માટે હું તમને પત્ર લખી જણાવવા માગું છું.

સંચાલન કરનાર સંસ્થા જેમાં મૂખ્ય શિક્ષકનો સમાવેશ થાય છે તેમની સામાન્ય રીતે સ્કૂલ ચલાવવાની જવાબદારી હોય છે. સંચાલન કરનાર સંસ્થાની મૂખ્ય ત્રણ કાર્યો છે:-

- ભવિષ્યના હેતુઓ, તેના લક્ષણો અને કાર્યપધ્ધતિ માટેના માર્ગદર્શન માટેની સ્પષ્ટતા માટે ખાતરી કરવી.
- સ્કૂલની અને વિધાર્થીઓની શિક્ષણની સિધ્ધિઓ માટે મૂખ્ય શિક્ષકને જવાબદાર માનવા અને
- સ્કૂલની આર્થિક વ્યવસ્થા ઉપર ધ્યાન રાખવું અને પૈસાને સારામાં સારી રીતે ખર્ચવામાં આવે છે તેની ખાતરી કરવી.

ગવર્નરો તેમના કામ માટે દ્રઢતાપૂર્વક વચનબધ્ધ, સવાલો પૂછવા જિજ્ઞાસુ, પરીક્ષણ કરવા અને શીખવા માટે રાજી હોવા જોઇએ. તેમ છતાં પણ, ખાસ કરીને જે વાલીઓ પાસે નીચે મુજબની કાર્યકુશળતા હોય < > તેમની પાસેથી નામોની સૂચવણીનો અમે ખુશીથી સ્વીકાર કરીશું.

અમારા પેરંટ ગવર્નરોને ઓફિસમાં કામ કરવાનો સમય < > વર્ષનો હોય છે. અમારી સંચાલન સંસ્થા વર્ષમાં < > વખત મળે છે અને તેમની < > કમીટી હોય છે અને તેઓ એક ટર્મની અંદર < > વખત મળે છે.

જો તમારે ચૂંટણી માટે ઉભા રહેવું હોય અથવા કોઇના નામની સૂચવણી કરવી હોય તો, આ સાથે મોકલાવેલું ફોર્મ ભરીને તમારા બાળક સાથે સ્કૂલમાં મોકલી આપો. ભરેલું ફોર્મ સ્કૂલ ઉપર < > દિવસના અંત સુધીમાં મોકલી આપવું જ જોઇએ. જો જેટલી ખાલી જગ્યાઓ હોય તેના કરતાં વધારે સુચવણીઓ મળી હોય તો બેલટ કરવામાં આવશે અને દરેક વાલી માટે એક મતદાનનો કાગળ તમારા બાળક સાથે તમારી ઉપર મોકલવામાં આવશે.

સ્કૂલ ગવર્નર તરીકે કામ કરવા માટેની તમારી યોગ્યતા અથવા સ્કૂલ ગવર્નરના કામ માટે જો તમારે વિશેષ માહિતી જોઇતી હોય તો, મહેરબાની કરી મારો સંપર્ક કરો.

તમારો/તમારી હિતેચ્છુ

મૂખ્યશિક્ષક
(Headteacher)

# APPENDIX C

# પેરંટ ગવર્નર્સની ચૂંટણી

## સૂચવણીની કાર્યપધ્ધતિ - વાલીઓ માટેની નોંધ

### યોગ્યતા

1. સ્કૂલની અંદર જે બાળક રજીસ્ટર થયું હોય તેના તમે વાલી હોવા જોઇએ

વાલીની વ્યાખ્યામાં જે કોઇ પણ વ્યક્તિ પાસે બધા હકો, ફરજો, સત્તાઓ અને જવાબદારીઓ અને અધિકાર હોય  જે બધા કાયદા મુજબ વાલીઓ પાસે હોય અને આ કારણે એની અંદર બાળકના ફક્ત સગા મા- બાપનો સમાવેશ થતો નથી પરંતુ બીજાઓ જેવા કે સાવકા મા- બાપ, સગાઓ, અથવા સગા મા- બાપના પાર્ટનરો અથવા બીજાના બાળકની કાળજીલેનાર વાલીઓનો પણ સમાવેશ થાય છે.

2. તમે પેરંટ ગવર્નર  થવા માટે લાયક **નથી** જો નીચે મુજબ હોય:

- જો તમે સ્કૂલમાં વાર્ષિક 500 કલાક કરતાં વધારે સમય કામ કરતા હોય;
- જો તમે લેસ્ટર સિટી કાઉન્સિલના ઇલેક્ટેડ મેમ્બર હોય;
- નિયમોના આધારે તમને અયોગ્ય ઠરાવવામાં આવ્યા હોય - યોગ્યતા માટેની જરૂરિયાતોનો સારાંશ આ પત્ર સાથે રવાના કરવામાં આવ્યો છે.

પેરંટ ગવર્નર થવા માટેની તમારી લાયકાત વિષે જો તમને કોઇ પણ શંકા હોય તો, મહેરબાની કરી મૂખ્યશિક્ષકનો સંપર્ક કરો.

3. બધા ગવર્નરની નિમણુંક સહી કરેલા યોગ્યતા માટેના નિવેદનને આધારે હોય છે.

### ચૂંટણીમાં કેવી રીતે ઉભા રહેવું

4. જો તમારે ચૂંટણીમાં ઉભા રહેવું હોય તો આ સાથે મોકલાવેલું ફોર્મ ભરો અને તમારા પ્રસ્તાવને ટેકો આપવા માટે  સ્કૂલમાં જે બાળક રજીસ્ટર હોય તેમના વાલીને વિનંતી કરો.  એ વ્યક્તિ તમારા પતિ/પત્ની અથવા પાર્ટનર **ન હોય શકે.**

5. જો બેલટની જરૂર પડે તો, બધા ઉમેદવારોને એવી ભલામણ કરવામાં આવે છે કે તેઓ તેમના વિષે તેમનું અંગત નિવેદન બધા મત આપનારાઓને વહેંચે.

6. ભરેલાં ફોર્મ સ્કૂલનો દિવસ <        >. ના અંત સુધીમાં સ્કૂલ ઉપર મોકલી આપવાં જોઇએ. તમે એ ફોર્મ પોસ્ટ મારફત પણ મોકલી શકો છો, પરંતુ એ આ તારીખ સુધીમાં મૂખ્યશિક્ષકને મળવાં જોઇએ.

## સ્કૂલ ગવર્નર તરીકે કામ કરવા માટે યોગ્યતાના ધોરણો

ગવર્નર તેમની/તેણીની ચૂંટણી અથવા નિમણુંક કરવાના સમયે 18 વર્ષના અથવા એનાથી વધારે ઉંમરના હોવા જોઇએ અને તેઓ એક જ સ્કૂલની અંદર એક કરતાં વધુ ગવર્નરનું પદ લઇ શકે નહિં.

**કોઇ પણ વ્યક્તિ ગવર્નર અથવા એસોસિએટ મેમ્બર તરીકેનું પદ લેવા માટે અથવા ચાલુ રાખવા માટે અયોગ્ય બને જો તે અથવા તેણી નીચે મુજબ હોય:**

- જે વ્યક્તિ બેંકરપ્સી(દેવાળું) રિસટ્રિક્સન ઓર્ડર, કામચલાવ બેંકરપ્સી રિસટ્રિક્સન ઓર્ડર, ડેટ (દેવું) રીલીફ રિસટ્રિક્સન્સ ઓર્ડર અથવા કામચલાવ ડેટ રીલીફ રિસટ્રિક્સન્સ ઓર્ડર ઉપર હોય;
- તેમની /તેણીની મિલ્કત જપ્ત કરવામાં આવી હોય અને જપ્ત કરવાનો હુકમ અમલમાં ન મુકવામાં આવ્યો હોય, રદ કરવામાં, અથવા ઘટાડવામાં ન આવ્યો હોય;
- વ્યક્તિ નીચે મુજબ હોય:
  - અયોગ્ય ઠરાવવાનો ઓર્ડર અથવા કંપની ડાયરેક્ટર્સ એક્ટ 1986 મુજબ અયોગ્ય ઠરાવવાનું કાર્ય
  - કંપનીઝ ડાયરેક્ટર્સ ડીસક્વોલિફિકેશન (નોર્ધર્ન આયરલેન્ડ)ઓર્ડર 2002 મુજબ અયોગ્ય ઠરાવવાનો ઓર્ડર
  - કંપનીઝ ડાયરેક્ટર્સસ ડીસક્વોલિફિકેશન (નોર્ધર્ન આયરલેન્ડ)ઓર્ડર 2002 મુજબ અયોગ્ય ઠરાવવાનો ઓર્ડર સ્વીકારવામાં આવ્યો હોય.
  - ઈનસોલવન્સી એક્ટ 1986 ના (કાઉન્ટી કોર્ટ એડમીનીસ્ટ્રેશન ઓર્ડર મુજબ ચૂકવણી કરવામાં નિષ્ફળતા) સેક્સન 429 (2) (b) મુજબ ઓર્ડર કરવામાં આવ્યો હોય;
- ચેરિટી કમીશન અથવા કમીશનર્સ અથવા હાયકોર્ટ દ્વારા કોઇ પણ ગેરવર્તન અથવા ચેરિટીના વહીવટમાં ગેરવહીવટના કારણે એમના ઓર્ડરથી ચેરિટી ટ્રસ્ટીની ઓફિસ અથવા ચેરિટીના ટ્રસ્ટી તરીકે કાઢી મુકવામાં આવ્યા હોય, અથવા ચેરિટીસ એન્ડ ટ્રસ્ટીસ ઈનવેસ્ટમેન્ટ (સ્કોટલેન્ડ) એક્ટ 2005 ના સેક્સન 34 ના આધારે વ્યવસ્થામાં અથવા કોઇ વ્યક્તિના કાબુ બાબતમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી હોય;
- સેક્રેટરી ઓફ સ્ટેટની ધારણા મુજબ જે લોકો બાળકો સાથે કામ કરવા માટે લાયક ન હોય એવા માણસોની યાદીમાં જેમનો સમાવેશ થતો હોય;
- જેમને બાળકો સાથે કામ કરવા માટે અયોગ્ય ઠરાવવામાં આવ્યા હોય અથવા એજ્યૂકેશન એક્ટ 2002 ના સેક્સન 142 ના આધારે માર્ગદર્શન મજબ હોય;
- જેમને ધ ક્રીમીનલ જસ્ટીસ એન્ડ કોર્ટ સર્વિસીસ એક્ટ 2000 ના સેક્સન્સ 28 ,29, અથવા 29A ના આધારે બાળકો સાથે કામ કરવા માટે અયોગ્ય ઠરાવવામાં આવ્યા હોય;
- ચીલ્ડ્રન એન્ડ ફેમિલીસ(વેલ્સ) મેઝર 2010 ના પાર્ટ 2 મુજબ બાળકોની સંભાળ રાખવા અથવા કાળજી પૂરી પાડવા માટેના રજીસ્ટ્રેશન માટે અયોગ્ય ઠરાવવામાં આવ્યા હોય;

  ચાઇલ્ડકેર એક્ટ 2006 ના પાર્ટ 3 મુજબ રજીસ્ટરેશન માટે અયોગ્ય ઠરાવવામાં આવ્યા હોય;
- જેમને ગવર્નર થવા પહેલાં અથવા થયા પછી છેલ્લાં પાંચ વર્ષમાં ત્રણ મહિના કરતાં ઓછી(દંડના વિકલ્પ વિના) જેલની સજા (મુલતવી રાખેલી અથવા નહિં) થઇ હોય;

- ગવર્નર થવા પહેલાં 20 વર્ષમાં અઢી વર્ષની અથવા એનાથી વધુ જેલની સજા મળી હોય;
- કોઇ પણ સમયે જેમને પાંચ વર્ષ અથવા એનાથી વધુ જેલની સજા થઇ હોય;
- ગવર્નરની નિમણુંક અથવા ચૂંટણી અથવા તેના પાંચ વર્ષ પહેલા ઇ.એ. 1996 ના સેક્સન 547 મુજબ ( સ્કૂલની જગ્યા ઉપર હેરાનગતી અથવા કનડગત માટે) અથવા ફરધર એન્ડ હાયર એજ્યૂકેશન એક્ટ 1992 ના સેક્સન 85A (શિક્ષણના સ્થાન ઉપર હેરાનગતી અને કનડગત માટે) ગુનેગાર ઠરાવવામાં આવ્યા હોય;
- સ્કૂલના વર્ષ દરમ્યાન જો તેમને વર્ષના 500 કલાક કરતાં વધારે સમય માટે કામ ઉપર રાખવામાં આવ્યા હોય; જો તેમની ઇચ્છા એ જ સ્કૂલમાં પેરંટ ગવર્નર માટે  ઉભા રહેવાની હોય;
- લોકલ ઓથોરિટીના ચૂંટાયેલા સભ્ય હોય (ફક્ત પેરંટ અને કોમ્યૂનિટિ ગવર્નર્સને લાગુ પડે છે);
- ક્રીમીનલ રેકોર્ડ્સ સર્ટિફિકેટની વિનંતી માટે પુલિસ એક્ટ 1997 ના સેક્સન 113B  મુજબ વહીવટ કરનાર સંસ્થાના ક્લાર્કે ના પાડી હોય;
- સંચાલન કરનાર સંસ્થાની મીટીંગમાં સતત છ મહિના સુધી હાજરી ન આપવાને કારણે આ સ્કૂલના ગવર્નર તરીકે કામ કરવા ઓફિસના સ્થાન  માટે અયોગ્ય ઠરાવવામાં આવ્યા હોય.

**(યોગ્યતા માટે વિશેષ સ્પષ્ટીકરણ અથવા સલાહ અંગે, મહેરબાની કરી તમારા મૂખ્યશિક્ષકનો સંપર્ક કરો)**

**APPENDIX E**

## પેરંટ ગવર્નર્સની ચૂંટણી માટે નોમિનેશન ફોર્મ

<                                        >

**ઉમેદવારે ભરવું**

**નામઃ** ..........................................................................

(મહેરબાની
કરી સરનામું લખો) ..........................................................................

..........................................................................

ટેલિફોન નંબર. ..........................................................................

સહી ..........................................................................

ઉમેદવારનું અંગત નિવેદન (જો ઇચ્છા હોય તો અલગ પાનું આ સાથે રાખો)

| |
|---|
| |

**જે વ્યક્તિ ઉમેદવારનું નામ સૂચવે તેમણે ભરવું**

(જેઓ ઉમેદવારના પતિ/પત્ની અથવા પાર્ટનર ન જ હોવા જોઇએ)

**નામઃ** ..........................................................................

(મહેરબાની કરી
સરનામું લખો) ..........................................................................

..........................................................................

સહી ..........................................................................

**આ ફોર્મ આખરે <        > દિવસના અંત સુધીમાં સ્કૂલ ઉપર મોકલી આપવું જ જોઇએ.**

**APPENDIX F**

## પેરંટ ગવર્નરની ચૂંટણી

## વાલીઓ માટે ચૂંટણી દરમ્યાન મત આપવા માટે માર્ગદર્શનની નોંધ

1. **બેલટ પેપર્સ**

(એ) યોગ્ય ખાનામાં (ઓ ) X કરી તમે ફક્ત ઉમેદવાર < રો >) માટે મત ( ) આપી શકો. બેલટ પેપર ઉપર તમારે બીજું કોઇ પણ નિશાન ન કરવું. દરેક વાલીએ અલગ ફોર્મ ઉપર મત આપવો.

(બી) જો તમારું બેલટ પેપર ખોવાઇ જાય અથવા ખરાબ થઇ જાય તો, મહેરબાની કરી બીજા પેપર માટે મૂખ્યશિક્ષકને વિનંતી કરો.

2. **બેલટ પેપર પાછાં મોકલવા**

(એ) ભરેલાં બેલટ પેપર (જો ઇચ્છા હોય તો પરબિડીયાંની અંદર) સ્કૂલના દિવસ < >. ના અંત સુધીમાં સ્કૂલ ઉપર મોકલી આપવાં જ જોઇએ. તમે કદાચ પોસ્ટ મારફત પણ મોકલી શકો, પરંતુ આ તારીખ સુધીમાં તે મૂખ્ય શિક્ષક પાસે હોવાં જ જોઇએ.

(બી) જ્યારે બેલટ પેપર સ્કૂલ ઉપર મોકલવામાં આવે ત્યારે તેને બોક્ષ અથવા પાત્રની અંદર બંધ કરવામાં આવશે અને ગણતરીના દિવસ સુધી ખોલવા માટે સલામતીથી રાખવામાં આવશે.

3. **ચૂંટણીની વ્યવસ્થા**

(એ) સ્કૂલની અંદર મૂખ્ય શિક્ષક રીટર્નીંગ ઓફિસર તરીકે કામ કરશે અને ચૂંટણીની વ્યવસ્થા માટે જવાબદાર રહેશે.

(બી) વધારેમાં વધારે મત મેળવનાર ઉમેદવાર (રો ) ચૂંટાશે.

(સી) મત આપનારનું રજીસ્ટર રાખવામાં આવશે નહિં, પરંતુ ચૂંટણી દરેક રીતે ન્યાયી હોય તેની ખાતરી કરવા મૂખ્યશિક્ષક બધાં વાજબી પગલાં લેશે.

(ડી) જો કોઇ વ્યક્તિને બેલટ પેપર ન મળે અથવા ન મોકલી આપે તો ચૂંટણી રદ થશે નહિ.

4. **ગણતરી**

(એ) મૂખ્યશિક્ષક ઉમરદવારો અથવા તેમના પ્રતિનિધિની હાજરીમાં < > ના દિવસે જે સમય બધા ગ્રૂપોને આપસમાં અનુકૂળ હોય તે સમયે ગણતરી કરવાની વ્યવસ્થા કરશે અને ચૂંટણીમાં કોણ જીતી ગયું છે તેની જાહેરાત કરશે.

(બી) મૂખ્ય શિક્ષક કોઇ પણ ઉમેદવાર સાથે, જો તેઓ હાજર હોય તો, કોઇ પણ અસ્પષ્ટ અથવા ખરાબ થઇ ગયેલા પેપરની કાયદેસરતા નક્કી કરશે.

(સી) એવી પરિસ્થિતિમાં કે એક જગ્યા પૂરવા માટે બે અથવા વધારે ઉમેદવારોમાં ટાય (સરખાપણું) હોય, સિક્કો ઉછાળી પરિણામ નક્કી કરવામાં આવશે.

(ડી) બેલટ પેપર્સ સ્કૂલમાં છ મહિના સુધી રાખવામાં આવશે.

5. **પરિણામની જાહેરાત**

મૂખ્યશિક્ષક બધા વાલીઓને ચૂંટણીના પરિણામની સંપર્ક માટેની સ્કૂલની સામાન્ય પધ્ધતિ મારફત જાણ કરશે, દા.ત. સમાચાર પત્ર મારફત.

**APPENDIX G**

# પેરંટ ગવર્નર્સની ચૂંટણી માટેનું બેલટ પેપર

<                                        >

## ઉમેદવારોની યાદી

| | | |
|---|---|---|
| 1. | ઉમેદવારનું નામ | |
| 2. | ઉમેદવારનું નામ | |
| 3. | ઉમેદવારનું નામ | |
| 4. | ઉમેદવારનું નામ | |
| 5. | ઉમેદવારનું નામ | |
| 6. | ઉમેદવારનું નામ | |
| 7. | ઉમેદવારનું નામ | |
| 8. | ઉમેદવારનું નામ | |
| 9. | ઉમેદવારનું નામ | |
| 10. | ઉમેદવારનું નામ | |

તમે કદાચ ફક્ત ઉમેદવાર (રો ) માટે યોગ્ય ખાનામાં (ઓ) X કરી મત <      > આપો. બેલટ પેપર ઉપર તમારે બીજું કોઈ પણ નિશાન ન કરવું જોઈએ.

મત આપનારને તેમની પસંદગીમાં મદદ કરવા માટે આ સાથે **ઉમેદવારોએ તેમના વિષે** જે નિવેદનો **મોકલ્યાં છે** તે મોકલવામાં આવ્યાં છે.